
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૫ ✠ અંક ૯-૧૦

અષાડ-શ્રાવણ * જુલાઇ-ઓગસ્ટ

✠ આત્મ સંવત : ૧૦૧ ✠

✠ વીર સંવત : ૨૫૨૪ ✠

✠ વિક્રમ સંવત : ૨૦૫૪ ✠


क्रोधस्तपस्क्रियाघाती क्रोधोऽप्रीतिप्ररोहकः ।
आत्मनो बलमुत्कृष्ट क्षमा कल्याणमन्दिरम् ।।

ક્રોધ એ તપ અને ક્રિયાનો ઘાતક છે અને ક્રોધને લીધે
માણસ લોકોમાં અપ્રિય થાય છે.
ક્ષમા આત્માનું ઉત્કૃષ્ટ બળ છે અને કલ્યાણનું મંદિર છે.

Warth destroys religious austerities and religious
rituals and it makes one disagreeable
to the people.
Forgiveness is the highest power cf the
soul and an above of spiritual welfare

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી પર્યુષણ મહાપર્વની સ્તુતિ (કાવ્ય) | પૂ. આ. શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી | ૬૫ |
| (૨) | સમાજોદ્ધારકનો મૂળ મંત્ર (ગતાંકથી ચાલુ) | ડૉ. કુમારપાળ દેસાઇ | ૬૬ |
| (૩) | માણસની લોભદશાને કારણે પ્રેમના અંકુરો ફુટતા નથી | મહેન્દ્ર પુનાતર | ૬૯ |
| (૪) | મિચ્છામી દુક્કડમ્ | ડૉ. કુમારપાળ દેસાઇ | ૭૨ |
| (૫) | પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો | — | ૭૪ |
| (૬) | સમાચારો | — | ૭૮ |


**આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ**

| | |
|---|---|
| શ્રીમતિ રેણુકાબેન એન. કાપડિયા | ભાવનગર |
| શ્રી વિનોદરાય અમુલખરાય શાહ | ભાવનગર |
| શ્રી વૈભવકુમાર ભાસ્કરરાય શાહ | ભાવનગર |
| શ્રી પરિમલભાઈ ધીરજલાલ મહેતા | ભાવનગર |

પેટ્રન ફી રૂા. ૧૦૦૧/- 卐 આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧/-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## શ્રી પર્યુષણ મહાપર્વની સ્તુતિ

[ રાગ–પર્વ પર્યુષણ પુણ્યે પામી, પરિમલ પરમાનંદો જી ]

પુનીત પર્વ પજુસણ આવ્યા, ભવિજનને મન ભાવ્યા જી,
ઓચ્છવ રંગ આડંબર ઘર ઘર, આનંદ મન અતિ છાયા જી;
શાસન અધિપતિ વીર પ્રભુ સેવી, કરમ દુષ્ટ નસાવ્યા જી,
અમારી ઢંઢેરો ફેરી, ધર્મિજન બહુ ફાવ્યા જી. ૧

મૃગ સમ નયના શશી સમ વયણા, સુંદરી કંતને ભાખે જી,
છઠ્ઠ અઠ્ઠમ આદિ શુભ તપનો, જે ભવિજન રસ ચાખે જી;
ચોવિશ જિનવર આણા શીર પર, અવિચલ જે જન રાખે જી,
નારક પશુ ભવો તે નવિ પામે, કિંમત તસ નવિ લાખે જી. ૨

સર્વશાસ્ત્ર શિરોમણી શાસ્ત્ર, કલ્પસૂત્ર ઘર આણો જી,
વીર પાર્શ્વ નેમિ આદીશ્વર, સુંદર જેહમાં વખાણો જી;
અંતર પટ્ટાવલી સમાચારી, સુણતાં કર્મની હાણો જી,
પર્વ આરાધી ભાવે લહીએ, શિવપદ ઠાણ પહાણો જી. ૩

અઠ્ઠાઇ કરણી રૂડી પાલી, પાપ સવિ પરિહરીએ જી,
સંવત્સરી પડિક્કમણું કરીને, સમતા ભાવને વરીએ જી;
શાસન દેવી નિત્ય સમરીયે, ખમત ખામણાં કરીએ જી,
સૂરિ કમલનો **લબ્ધિ** વદે છે, શિવપદવી અનુસરીએ જી. ૪

**[ રચયિતા :–પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. સા. ]**

* સંકલન : **મુકેશ એ. સરવૈયા** *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાજોદ્ધારકનો મૂળ મંત્ર

(હપ્તો ૨ જો)

અનુ. લેખક : ડૉ. કુમારપાળ દેસાઈ

(ગતાંકથી ચાલુ)

યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના વિચારોએ ચીલાચાલુ સમાજને એક નવું દર્શન આપ્યું હતું. અહીં એક વિકટ સમસ્યા પર એમણે વેધક પ્રકાશ પાડ્યો છે. આ લેખ યુગદર્શી આચાર્યશ્રીની વ્યાપક દૃષ્ટિ અને સમસ્યાના વાસ્તવિક ઉકેલ માટેનું દર્શન પૂરું પાડે છે. હિંદીમાં અપાયેલા એમના આ વક્તવ્યોનો જાણીતા લેખક ડૉ. કુમારપાળ દેસાઈએ અનુવાદ કર્યો છે. આ વિચારોનું તલસ્પર્શી અવગાહન કરવા વાચકોને વિનંતી છે.

પંડિતરાજ જગન્નાથે "ભામિની વિલાસ"માં રાજહંસને સંબોધિત કરીને આ સંદર્ભમાં એક સુંદર અન્યોક્તિ કહી છે.

भुक्ता मृणालपटली भवता निपीतान्यम्बूनि
यत्र नलिनानि निषेवितानि ।
रे राजहंस! वद तस्य सरोवरस्य
कृत्येन केन भवितासि कृतोपकारः ।।

"હે રાજહંસ! જે સરોવરની કમળનાળોનો તેં ઉપભોગ કર્યો, જેનું તેં જળ પીધું, અને જ્યાં કમળોનું સેવન કર્યું, એ સરોવરના ઉપકારનો બદલો તું કયા કાર્યથી ચૂકવીશ?"

આ અન્યોકિત સાધુરૂપી રાજહંસને હૂબહૂ લાગુ પડે છે. સાધુએ સમાજરૂપી સરોવરમાં રહીને તેની પાસેથી આહાર-પાણી લીધાં, સંયમના અન્ય સાધનો પ્રાપ્ત કર્યાં, સમાજમાંથી આદર-સત્કાર મેળવ્યો, ધર્મમાં સહયોગ પ્રાપ્ત કર્યો, તેને પણ કવિ પૂછે છે કે, "હે સાધુ! તમે એ તો બતાવો કે સમાજના એ ઉપકારના બદલામાં કયુ સુકૃત્ય કરીને સમાજના ઉપકારમાંથી તમે ઋણમુક્ત થશો?"

આ દૃષ્ટિએ આત્મોદ્ધારની સાથે સમાજોદ્ધારનો પ્રયત્ન કરવો એ સાધુઓ માટે અનુચિત નથી. સંસારને બગાડનારાં અથવા તો સંસારમાં ફસાવનારાં કાર્યોમાં પ્રેરણા આપવી અથવા તો સ્વયં એમાં ફસાઈ જવું, એને સાંસારિક કાર્યોમાં પડવું કહેવાય, પરંતુ સંસારને ધર્મકાર્ય તરફ વાળવો અથવા શુભ કાર્યોમાં જોડીને તેને સુધારવો એને સાંસારિક કાર્યમાં ડૂબ્યા, તેમ કહેવાય નહીં.

બીજી વાત એ છે કે સાધુઓએ તો વિશ્વ-સમસ્તના આત્માઓના ઉદ્ધાર માટે પ્રયત્નશીલ થવાનું છે, ત્યારે એમાં સમાજના આત્માઓનો ઉદ્ધાર તો આપોઆપ સમાવેશ પામે. કેટલીક વ્યક્તિઓનો આત્મોદ્ધાર શક્ય છે, પણ સમગ્ર સમાજના આત્માઓનો ઉદ્ધાર કદાચ અશક્ય ગણાય. એક વ્યક્તિ સુધરવાથી આખો સમાજ સુધરી જતો નથી, આથી એક કે અનેક વ્યક્તિઓનો આત્મોદ્ધાર થવાથી, એને વ્યાપક રૂપ આપવાથી અથવા તો આત્મોદ્ધારનું સામાજીકરણ કરવાથી એટલે કે આત્મોદ્ધારને સમગ્ર સમાજમાં ફેલાવવો તે સમાજોદ્ધાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બંનેનો અન્યોન્યાશ્રિત સંબંધ છે, તેથી આત્મોદ્ધારની સાથે સાથે સમાજોદ્ધારની વાત કરવી જરૂરી છે. સમાજોદ્ધારનો પ્રચાર થવાથી અથવા સમાજની વ્યક્તિઓ સુધરી જવાથી વ્યક્તિના આત્મોદ્ધારમાં કોઈ વિઘ્ન નથી આવતું, તે નિર્વિઘ્ને શાંતિથી થઈ શકે છે.** એક દૃષ્ટાંતથી આની છણાવટ કરીએ–

જીવણલાલ નામના એક મધ્યમવર્ગીય ધર્મપરાયણ ગૃહસ્થ પોતાના આત્માને ઉન્નત કરવા માટે અવિરત પ્રયાસ અને ચિંતન કરતો હતો. જીવણલાલની આવક ઓછી છે અને એના સમાજમાં ખર્ચાળ કુરૂઢિઓ ઘણી હતી. એની પુત્રી યુવાન અને વિવાહ યોગ્ય બની હતી. સમાજમાં દહેજની ભયંકર કુપ્રથા હતી. વળી કરિયાવર ઉપરાંત વરપક્ષને રોકડ રકમ, સોનું અને અન્ય સાધન–સામગ્રી આપવાનો કુરિવાજ હતો. જીવણલાલની આર્થિક સ્થિતિ વરપક્ષની બધી માંગણી પૂરી કરી શકે તેવી નહોતી. આમ તો એ નીતિ અને ધર્મપૂર્વક આજીવિકા રળવા ઇચ્છતો હતો, પરંતુ સામાજિક કુરિવાજોમાં સુધારો થયો ન હોવાથી તેને અનીતિમય ધંધો કરીને પણ વરપક્ષની માંગણી પૂરી કરવી પડે તેવી મજબૂરી હતી.

જુઓ, જીવણલાલની આત્મોદ્ધારની ભાવના સમાજોદ્ધાર વિના અપૂર્ણ રહી ને? જો સામાજિક સુધારણા થઈ હોત અને સમાજની અમુક ગુંગળાવનારી કુપ્રથાઓ દૂર કરવામાં આવી હોત, તો જીવણલાલનો આત્મોદ્ધાર સુંદર રીતે વૃદ્ધિ પામ્યો હોત.

**આ સમાજમાં જીવણલાલ જેવા અનેક** મધ્યમવર્ગીય સિમીત આવક ધરાવતાં પરિવારો છે. એમને સમાજોદ્ધારના અભાવે આત્મોદ્ધારની ઉપેક્ષા કરીને સામાજિક કુરિવાજોની ચક્કીમાં કચડાવું–પિસાવું પડે છે. આથી જ આત્મોદ્ધારની સાથે સમાજોદ્ધાર અતિ આવશ્યક છે.

## સમાજ દિવ્ય બને :

તમને ‘સજ્જનો’ એવા શબ્દથી સંબોધિત કરીએ છીએ. શાસ્ત્રકારોએ આ શબ્દોને બદલે ‘દેવાનુપ્રિય’ શબ્દ અનેક જગ્યાએ પ્રયોજ્યો છે. વાત એક જ છે. ‘સજ્જન’ શબ્દ વર્તમાન સમાજમાં પ્રચલિત હોવાથી તેને તમે ‘દેવાનુપ્રિય’ શબ્દના સ્થાને સમજજો. મનુષ્ય દેવતાઓને પ્રિય અથવા સજ્જન માનવી ત્યારે થઈ શકે, જ્યારે તેનામાં રહેલા દૈવીગુણોનું પ્રગટીકરણ થાય. આ દૈવીગુણ ધર્મની સાધના–આરાધના દ્વારા જ પ્રગટ થઈ શકે. સમગ્ર સમાજમાં ધર્મની સાધના કે આરાધના થાય, તો તે સમાજ દિવ્ય ગુણયુક્ત સજ્જનોનો સમાજ બની રહે. સમગ્ર સમાજમાં ધર્મની સાધના કે આરાધનાને વ્યાપ્ત કરવા અથવા પ્રચલિત કરવા માટે સર્વ પ્રથમ સમાજમાં પ્રચલિત ધર્મવર્ધક પાપોત્તેજક, અહિતકર, વિષમતાયુક્ત અને સમાજની સંગઠનશક્તિનું વિઘટન કરનારી વિનાશકારી બાબતોનું ઉન્મૂલન થવું જોઈએ.

ઉદ્ધારનો એક અર્થ ઉન્નત બનવું એવો થાય છે, તે જ રીતે બીજો અર્થ ઉખાડવું પણ થાય છે એટલે સૌથી પહેલાં તો સમાજમાં પ્રચલિત અનિષ્ટ બાબતોને જડમૂળથી ઉખાડવી જોઈએ, તો જ સાચા અર્થમાં સર્વાંગી સમાજોદ્ધાર થશે.

એક તત્વજ્ઞાનીએ કહ્યું છે કે, “દેવ બનવા માટે જેઓ ઉન્નત થવાની કોશિશ કરતા નથી, તેણે સમજી લેવું કે તે રાક્ષસ બનવા માટે નિમ્ન કક્ષાએ પતન પામી રહ્યા છે.” વ્યક્તિ માટે આ વાત જેટલી સાચી છે, તેટલી જ સમાજ માટે છે. જે સમાજ ઉત્તમોત્તમ સદ્‌ગુણો, રીતિઓ અને પ્રથાઓને અપનાવીને ધર્મમાર્ગની સહાયથી દેવ બનીને ઉન્નતિ નહીં સાધે, તે સમાજ વિલાસિતા, દુશ્ચારિત્ર્ય, નૈતિક અધઃપતન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પાપાચારના કારણે રાક્ષસ બનીને વિનાશના ખાડામાં પડશે.


વર્તમાન સમયમાં વિપરિત સ્થિતિ નજરે પડે છે. પોતાને આસ્તિક ગણાવનારા અને આત્મા-પરમાત્માને માનનારા લોકો દિવ્ય અને દેવાનુપ્રિય બનવાને બદલે ખોટા કામ કરીને રાક્ષસ કે રાક્ષસપ્રિય બની રહ્યા છે. એવા કેટલાય કહેવાતા આસ્તિકો સમાજના અગ્રણી બન્યા છે, પરંતુ તેમનું જીવન અસત્ય, દગાબાજી, અપ્રામાણિકતા અને અન્યાય-અનીતિથી ધન એકત્રિત કરવામાં પસાર કરે છે. તેઓ વેવિશાળ, લગ્ન કે ઉત્સવોમાં કુરીતિઓનું પોષણ કરીને લાખો રૂપિયાનો ધૂમાડો કરે છે અને ધામધૂમ કરવા માટે રાત-દિવસ એક કરશે, પરંતુ સમાજના નિરાધારો, અનાથો, અપંગો, ગરીબો અને બેકારોને સહાય કરીને એમની સ્થિતિ સુધારવાની હોય કે ધંધો-રોજગાર આપીને એમને સ્વાવલંબી બનાવવા માટે ધન ખર્ચવાનું હોય તો તે બહાના બતાવે છે. આ તે કેવું આસ્તિકપણું ?

( ક્રમશઃ )

卐

# પ્રાચીન જૈન તીર્થ રાણકપુરમાં મૂર્તિને ખંડિત કરવા સામે વિરોધ

જગપ્રસિદ્ધ રાજસ્થાનના સુપ્રસિદ્ધ રાણકપુર જૈન તીર્થમાં દેરી નં. ૫૦માં બિરાજમાન ભગવાન શ્રી ધર્મનાથજીની મૂર્તિને ખંડિત કરવાના બનાવ સામે સમગ્ર જૈન સમાજમાં રોષ પ્રગટ્યો છે. સમગ્ર જૈનોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી છે. ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે સમગ્ર જૈન સમાજ, તમામ જૈનાચાર્યો, મુની-ભગવંતો, તમામ સંસ્થાઓ, ફીરકાઓ, મંડળો, ટ્રસ્ટો વિગેરે એક બની-એકી અવાજે આ બનાવને વખોડી કાઢે અને વિરોધ કરે તેવી ભાવનગરના કાર્યકર શ્રી દિવ્યકાંત સલોતે એક નિવેદન દ્વારા નમ્ર અપીલ કરી છે અને જરૂરી પગલા લેવા રાજસ્થાન સરકારને જણાવવા વિનંતી કરી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માણસની લોભદશાને કારણે પ્રેમના અંકુરો ફૂટતા નથી

—મહેન્દ્ર પુનાતર

**કોઇ માણુસ એવો નહીં હોય જેણે** ઇશ્વરની **કૃપાનો કંદિ અનુભવ ન કર્યો હોય. ઇશ્વર સુખનું** એક દ્વાર બંધ કરે છે ત્યારે બીજું દ્વાર ખોલતો હોય છે, પરંતુ આપણી નજર બંધ બારણા તરફ હોય છે એટલે બીજું બારણું દેખાતું નથી. ઇશ્વરની કૃપા હંમેશા આપણી પર વરસતી હોય છે, પરંતુ પાત્રતાના અભાવે સુખદ અનુભવ થતો નથી. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવા માટે તેની યોગ્યતા પ્રાપ્ત કરવી પડે. સુખ અને દુઃખમાં પ્રભુ-કૃપાની છાલક ભીંજવતી હોય છે, પરંતુ સુખમાં તેનો સ્પર્શ થતો નથી, અને દુઃખમાં-આપત્તિમાં તેની છાલક હૃદયને ભીંજવી જાય છે. દુઃખ અને અણીના સમયે અણધારી સહાય, સુખદ અનુભવો અને મૃત્યુના મુખમાંથી ચમત્કારિક ઉગારો એ બધી ઇશ્વરની કૃપા છે. દરેક માણસને જીવનમાં કાંઇ ને કાંઇ આવા અનુભવો થાય જ છે.

**જે આપી શકે છે તે જ ખરો માલિક છે, બાકી બધા સંપત્તિના પહેરેદારો છે.**

ઇશ્વરની અપરંપાર કૃપા હોવા છતાં માણસ માનસિક રીતે બિમાર છે-દુઃખી છે તેનું કારણ લોભ અને લાલસા છે. માણસને પેટ પૂરતું ભોજન, માથે છાપરું અને વસ્ત્રો મળી રહે તો તે ઇશ્વર કૃપા જ સમજવી જોઇએ. જીવન જીવવા માટે આથી વધુ કોઇ જરૂરીયાત નથી, પરંતુ લોભ, લાલચ અને તૃષ્ણા માણસને જંપવા દેતી નથી. જે કાંઇ મળે તે ઓછું લાગે છે, વધુ મેળવવાની ઝંખના ઊભી થાય છે. આને કારણે માણસ પોતાની પાસે જે છે તે સુખેથી ભોગવી શકતો નથી. ધનમાં, પદમાં કે પ્રતિષ્ઠામાં અશાંતિ નથી, પરંતુ ભીતરની જે લોભદશા છે તેને કારણે અશાંતિ છે.

**સુખનું એક દ્વાર જયારે બંધ થાય ત્યારે બીજું ખૂલે છે, પણ આપણી નજર બંધ બારણા તરફ જ હોય છે.**

માણસની લોભ દશાને કારણે પ્રેમના અંકુરો ફૂટતાં નથી. એ પ્રેમ કરશે તો પણ તેમાં ઇર્ષા અને અહંકાર હશે, માલિકીભાવ હશે. ઉદારતા અને હૃદયની વિશાળતા વગર પ્રેમ સંભવી શકે નહીં. પ્રેમમાં કોઇ બંધન કે નિયંત્રણ હોય નહીં. અપેક્ષા હોય, બદલાની ભાવના હોય, કશું મેળવવાની તમન્ના હોય તેને પ્રેમ કહી શકાય નહીં. શરીરને જેમ અન્નની જરૂર પડે તેમ આત્માને પ્રતિપળ પ્રેમની જરૂર પડે છે. પ્રેમ વગર આત્મા મરી જાય છે. કેટલાય માણસો પ્રેમ અને સ્નેહ વગર ઝૂરતા હોય છે. આ જીવતી જાગતી લાશો છે. આત્મા તો કયારનોય મરી ચૂકયો હોય છે. લોભ, લાલચ અને સ્વાર્થને ત્યજીને પ્રેમના માધ્યમથી જે ઇશ્વરની ખોજ કરે છે તેને તેની પરમકૃપાનો અનુભવ થયા વગર રહેતો નથી. પ્રેમ એ પરમાત્માની ઝલક છે.

પરમાત્માને પ્રાપ્ત કરવા માટે માણસે પોતાની જાતને ઓળખવી જોઇએ. હું કોણ છું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંથી આવ્યો છું અને ક્યાં જવાનો છું? આટલી વસ્તુનું જ્ઞાન થઇ જાય તો માણસનો અહંકાર ઓગળી જાય. આ દુનિયામાં આપણું કશું નથી. આપણે કશું સાથે લાવ્યા નથી અને કશું સાથે લઈ જવાના નથી. અહીંનું અહીં રહેવાનું છે. પ્રેમ, દયા, કરૂણા અને સદ્‌ભાવનાનું ભાથું જ કામ આવવાનું છે. આ બધું હશે તો જીવન છે, નહીંતર જીવનની પણ કશી કિંમત નથી.

ધન, દોલત અને પૈસાથી કોઇ અમીર બની જતું નથી. જે આપી શકે છે તે જ ખરો માલિક છે. બાકી બધા સંપત્તિના પહેરેદારો છે. જીવનમાં જે આપી શકે છે તે જ મેળવી શકે છે. આપવું સહેલું નથી, તેમાં મન મોટું જોઇએ. લેવાવાળો પણ કાંઇક આપીને જાય છે. લેવાવાળો માણસ, હાથ પ્રસારીને સામા માણસને દાતા બનાવે છે. આ રીતે લેવાવાળો માણસ પણ કાંઇક આપીને જાય છે. કોઇ માગે ત્યારે આપીએ એ દાન છે, પાપનું પ્રાયશ્ચિત છે, પરંતુ કોઈ માગે એ પહેલાં જ તેને આપી દઇએ એ પુણ્યનું બળ છે. આવા પુણ્યશાળી માણસો સાચા દાનવીર છે. આવી ઉદાત્ત ભાવના હોય ત્યારે પ્રભુની કૃપા વરસતી જ હોય છે

અપેક્ષાઓ દુઃખદાયી હોય છે કારણ કે તે મોટે ભાગે પૂરી થતી નથી. એક અપેક્ષા પૂર્ણ થાય તો બીજી અપેક્ષા તુરત ઊભી થવાની. તૃષ્ણાનો કોઇ અંત નથી. જે લોકો જીવનમાં સુખી હોય છે, મોટા માણસો હોય છે, પ્રતિષ્ઠિત માણસો હોય છે અને જે ઉચ્ચ હોદાઓ પર બિરાજમાન હોય છે. તેમના પ્રત્યે લોકોને વધુ અપેક્ષા હોય છે. માણસ જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ નાના માણસોની ઉપેક્ષા કરતો જાય છે. હકીકતમાં તો નાના માણસોએ જ તેને મોટો બનાવ્યો હોય છે. મોટો માણસ જ્યારે નાના માણસોને ભૂલતો જાય છે ત્યારે તેની મોટાઇ નીચે ઊતરતી જાય છે. મોટો માણસ પાછળના માણસનો વિચાર કરતો નથી ત્યારે પ્રેમ અને સદ્‌ભાવનાની સમતુલા ડગી જાય છે. જે પાછળના માણસનો વિચાર કરે છે તે પ્રિય બને છે. સ્વાર્થી અને એકલપટ્ટા લોકો સિકંદર જેવું સામ્રાજ્ય હોય તો પણ સાચો પ્રેમ પ્રાપ્ત કરી શકતા નથી. માણસનો ચહેરો જોઇને તેના સુખ–દુઃખને સમજનારા અને તેનું હૃદય વાંચીને તેના અંતરનો તાગ મેળવનારા માણસો બહુ ઓછા જોવા મળે છે. આવા માણસો ઇશ્વરનું સ્વરૂપ હોય છે. તેઓ દીન દુઃખીઆરાની ઢાલ બની જાય છે. **ઐશ્વર્ય સાથેની ભાવહીનતા કરતા દરિદ્રતા સાથેની ભાવસભરતાનું બહુ મોટું મૂલ્ય છે.**

જીવનમાં જ્યાં ખટાશ છે ત્યાં મીઠાશ પણ છે. ખટાશ એ મીઠાશનું પ્રથમ કદમ છે. ખટાશ વગરની મીઠાશ અધૂરી છે. આ રીતે જીવનમાં સુખ અને દુઃખ આવ્યા કરે છે. જીવનમાં દુઃખનો કદિ અનુભવ ન હોય તો સુખ શું છે તે કેવી રીતે ખબર પડે? જીવનમાં એક બાજુ જય છે તો બીજી બાજુ પરાજય છે. કોઇ એક મેળવે છે ત્યારે બીજો ગુમાવતો હોય છે. ઇશ્વરે જે આપ્યું છે તેનો પ્રેમપૂર્વક સ્વીકાર કરવો જોઇએ અને સંતોષ અનુભવવો જોઇએ. જે નથી મળ્યું તેનો અફસોસ કરવાનો કોઈ અર્થ નથી. આપણે એટલો વિચાર કરીએ કે આપણને જે પ્રાપ્ત થયું છે તે ન મળ્યું હોત તો આપણી પરિસ્થિતિ કેવી હોત? અને દુનિયામાં એવા ઘણાં માણસો છે જેને આપણને જે મળ્યું છે તે નથી મળ્યું. જીવનમાં બધુ જ તો કોઇને મળતું નથી. આસક્તિ કે માયામાં અટવાઈ જવાની જરૂર નથી. સુખ અને દુઃખને યોગ્ય રીતે સમજવાની જરૂર છે.

જીવનમાં સુખ અને દુઃખ એક ભ્રાંતિ છે. સાનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં માણસ સુખ–દુઃખનો પોતાની રીતે અનુભવ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈસાથી કે વધુ ચીજવસ્તુઓથી કોઈને સુખ પ્રાપ્ત થતું નથી. જે દુન્યવી વસ્તુઓમાં સુખ માન્યુ હોય તે વસ્તુઓ મળી જાય તો પણ સાચું સુખ પ્રાપ્ત થતું નથી. માણસ જે ઇચ્છે છે તે તત્કાળ મળી જાય તો પણ એને જીંદગીભર ન મળે તો પણ તે દુઃખી રહેવાનો છે. મળી જાય તો પણ તેનાથી સંતોષ થશે નહીં, બીજા વધુ સુખની તૃષ્ણા ઊભી થશે અને છેવટે સુખની કલ્પના પણ તેને ભાગે બચશે નહીં. કહેવાતું સુખ દુઃખમાં પરિણમશે.

## મોટો માણસ જ્યારે નાના માણસને ભૂલે છે. ત્યારે મોટાઇ નીચે ઉતરી જાય છે.

કોઇ માણસને તેની ઇચ્છિત વસ્તુ જીંદગીભર ન મળે તો પણ તે તૃષ્ણાની ઝાળમાં સળગતો રહેશે. મૂળ વાત એ છે કે કોઇપણ વસ્તુ સુખ આપી શકતી નથી. આપણે તેનો કેવી રીતે સ્વીકાર કરીએ છીએ, કેવી રીતે સંતોષ અનુભવીએ છીએ તેના પર બધો આધાર છે. જે માણસની જરૂરિયાત ઓછી છે તે માણસ સુખી છે. ધારેલું બધું મળી જાય તો ભવિષ્ય નષ્ટ થઇ જાય છે પછી કરવા જેવું કશું રહેતું નથી. એટલે દુનિયામાં જેમ જેમ સુખ વધતુ જાય છે તેમ તેમ અજંપો વધી રહ્યો છે. સુખના મૃગજળ પાછળ માણસ દોટ મૂકી રહ્યો છે, પરંતુ સુખ પ્રાપ્ત થતું નથી. બીજાઓ પાસેથી આપણે એટલા બધા સુખની અપેક્ષા રાખીએ છીએ કે છેવટે તે દુઃખ બની જાય છે. કોઇએ આપણી પ્રશંસા કરી હોય, ચાર વાર નમસ્કાર કર્યા હોય, પરંતુ એકવાર તે નમસ્કાર કરતા ભૂલી જાય તો તે બાબત આપણા માટે વધુ દુઃખદ બની જાય છે. રાગ દ્વેષ અને અહંકારને કારણે નાની નાની બાબતોમાં આપણે દુઃખ વહોરી લેતા હોઇએ છીએ. સુખ કરતાંય દુઃખ માટે આપણે વધુ ઉત્સુક હોઇએ છીએ. સુખની ક્ષણોને ગુમાવી દઇએ છીએ અને દુઃખના ઝખમોને લઇને ફરીએ છીએ.

## ઐશ્વર્ય સાથેની ભાવહીનતા કરતા દરિદ્રતા સાથેની ભાવસભરતાનું મોટું મૂલ્ય છે.

ધર્મનું અનુસરણ માણસને સન્માર્ગે વાળી શકે છે, માણસ જો ધર્મના સાચા સ્વરૂપને સમજે અને તે મુજબ જીવન જીવે તો કશું દુઃખ રહે નહીં. ધર્મને સમજવાનું સરળ છે, પરંતુ તેનું આચરણ કરવું મુશ્કેલ છે. ધર્મને સમજતા પહેલાં જીવનને સમજવું જોઇએ. લાઓત્સેને કોઇએ પૂછયું કે 'ધર્મને પ્રાપ્ત કરવા માટેનો માર્ગ બતાવો' ત્યારે લાઓત્સેએ જવાબ આપ્યો કે 'ધર્મને લાવવાનો ઉપાય ત્યારે કરવો પડે જ્યારે અધર્મ આવી ચૂકયો હોય. તમે અધર્મને છોડવાનો ઉપાય કરો તો ધર્મ એની મેળે આવી જશે' કવિ નાનાલાલે જેમ ગાયું છે તેમ ઇશ્વરને પ્રાર્થના કરીએ, "અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇજા, ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા."

મુંબઇ સમાચારના તા. ૨૩-૩-૯૭ના જિન દર્શન વિભાગમાંથી સાભાર....

For Private And Personal Use Only




—કુમારપાળ દેસાઇ

ભગવાન મહાવીરને એમના પટ્ટશિષ્ય ગણધર ગૌતમે પૂછયું.

"આમ વારંવાર ક્ષમાની વાત કેમ કરો છો ?"

ભગવાને જવાબ આપ્યો, "ક્ષમા કરવાથી પહેલાં તો આહ્‌લાદનો ભાવ જાગે છે પછી વિશેષ પ્રકારની પ્રસન્નતા જાગે છે".

ગણધર ગૌતમે વળી પૂછયું, "આ પ્રસન્નતાથી શું થાય ?

ભગવાન મહાવીરે કહ્યું, "એનાથી બધા જીવો પ્રત્યે મૈત્રીભાવ થાય. આ મૈત્રીભાવથી ભાવવિશુદ્ધિ થાય અને ભાવવિશુદ્ધિ થતાં વ્યક્તિ નિર્ભય બને. આથીજ ક્ષમા સર્વોપરિ છે".

સંવત્સરીના મહામૂલા દિવસે ભવતારિણી ક્ષમાનો વિચાર કરીએ તો જણાશે કે જૈન ધર્મમાં શ્રમણને એવી આજ્ઞા કરવામાં આવી છે કે જ્યાં સુધી તું તારી ભૂલની ક્ષમા માગે નહિ ત્યાં સુધી થૂંક પણ ગળાથી નીચે ઉતારવું નહિ. તમારા માર્ગમાં વિના કારણે કાંટા બિછાવનાર તરફ સ્નેહ રાખવો એ ક્ષમાની અગ્નિપરીક્ષા છે.

વિશ્વમાં સર્વત્ર જેનાથી હેત-પ્રીતના તોરણ બંધાય એનું નામ ક્ષમા. અંતરના તાર અમી વરસાવે અને સંસાર મનનો મીત લાગે તેનું નામ ક્ષમાપના. તીર્થંકરને પણ આપણે શું કહીએ છીએ ? એમને ક્ષમાશ્રમણ કહીએ છીએ. દેરાસરમાં જઇએ છીએ ત્યારે ઇચ્છામિ ખમાસમણો કહીએ છીએ. જૈન ધર્મનું એક નામ અર્હત્ ધર્મ છે. જૈન ધર્મ કહે છે કે ક્ષમામાં હો તો સારી અર્હતા-સારી યોગ્યતા ગણાય. જે સુષુપ્ત હોય તે જાગી ઉઠે, ઢંકાયેલું જ્ઞાન કે દર્શન ખૂલી જાય, બધી વિકૃતિ સમાપ્ત થઇ જાય.

બધા ધર્મો પાપની જિકર કરે છે. કેટલાક ધર્મ તેનું ફળ ન મળે તે માટે ઇશ્વરની યાચના કરે છે કે ચમત્કારની સાધના કરે છે. જ્યારે જૈનદર્શન તો કહે છે કે પાપનું ફળ તો મળવાનું. માત્ર ત્યારે પાપનું ફળ ન મળે જ્યારે તમારા મનમાં ક્ષમા હોય. ક્ષમાનું આવું માહાત્મ્ય જૈન ધર્મે કહ્યું છે. પણ આ ક્ષમા માટે તૈયારી જોઇએ. પર્યુષણના આઠ દિવસ આવી તૈયારીના છે. જે પ્રતિક્રમણ કરે છે તેમાં પહેલી આવશ્યક બાબત ક્ષમા છે.

ક્ષમા માટે સમતામાં આવવું પડે અને તે માટે છે સામાયિક. સમય એટલે વર્તમાન તરફ જાગૃત રહેવું. ક્ષમામાં વર્તમાન તરફની જાગૃતિ અપેક્ષિત છે, પછી આવે છે પ્રતિક્રમણ. આમાં માનવી પ્રાયશ્ચિત્ત કરે છે. માણસ જાણતા-અજાણતા, ક્ષણ-પ્રતિક્ષણ અતિક્રમણ કરે છે. નિયમનો ભંગ કરે છે. ફરી નિયમમાં આવવા માટે પ્રતિક્રમણ કરીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષભરના જાણતા-અજાણતા થયેલા વેર-વિરોધને પરસ્પર મિથ્યા કરીએ. ભવિષ્ય માટે જાગૃત થઈએ. થઇ તેવી ભૂલ થવા દઈએ નહિ! ઉદારતાનો અમૃત પ્યાલો હરહંમેશ દિન-રાત પીએ, પીવરાવીએ અને સપ્ત દિનરૂપી સાધના નદીનો સંગમ સંવત્સરીરૂપી સાગરમાં કરીએ.

નવા વર્ષની કુમકુમ પત્રિકાઓ ને લગ્ન પત્રિકાઓ તો કંકાવટીના કંકુથી લખાય છે; પણ ક્ષમાપનાની કંકોતરીઓ તો દિલના લોહીથી ને હૃદયના આંસુથી લખાવી જોઇએ. અને તે પણ ખરા દોષીને! ખરા વેરીને! ખરા અપરાધીને!

માનવી જ્યાં સુધી ભયભીત છે ત્યાં સુધી ક્ષમાપનાને પામી શકતો નથી. આપણે માત્ર બીજાનું જ મન દુઃખી નથી કરતા, માત્ર અન્યને જ કટુ વચન કહેતા નથી કે માત્ર સામી વ્યક્તિના જ આત્માને નથી દુઃભવતા પરંતુ આપણા પોતાના આત્માને પણ દુઃભવીએ છીએ. મન, વચનથી તેને ત્રાસ આપીએ છીએ. ખુદ આપણે આપણા પર ગુસ્સે થયા છીએ.

આમ માત્ર સામી વ્યક્તિ તરફ કરેલા પાપોની જ નહીં પણ સ્વપ્રત્યેના આપણા પાપોની પણ જાણ મેળવવી જોઇએ. એ એટલા માટે જરૂરી હશે કે તે પાપની માફી આપણે માગી શકીશું, કારણ કે માનવીએ પોતાના પાપનો એકરાર કરવો પણ જરૂરી છે. એણે કોઇ ગરીબનું શોષણ કર્યું હોય કે કોઇના શોષણમાં સાધનરૂપ બન્યા હોય, કોઇને લાંચ આપી હોય કે કોઇની લાંચ લીધી હોય, પરિગ્રહથી બીજાને પીડા આપી હોય કે હિંસાથી કોઇનું હનન કર્યું હોય ત્યારે માનવીએ પોતે પોતાની જાતના તાજના સાક્ષી બનીને અપરાધોનો એકરાર કરવો જોઇએ. ક્ષમાપનામાં આ નિખાલસ એકરાર ઘણો મહત્ત્વનો છે, આથી જ આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે.

"જે સાધક મન, વચન અને કાયાના ત્રણેય યોગથી પ્રતિક્રમણ કરે છે, જે પાપને મિચ્છામિ દુક્કડમ્ દે છે અને પુનઃ તે પાપ કરતો નથી, તેનું દુષ્કૃત-પાપ મિથ્યા થઇ જાય છે. પાપને જાણીને, તેનો નિખાલસ એકરાર કરીને તેમજ એ પાપો ફરી ન કરવાની કૃતનિશ્ચયી પ્રતિજ્ઞા લેવાય ત્યારે જ ક્ષમાપનાની નજીક પહોંચાય છે".

આજે વજહૈયાના બોલ છે ક્ષમાપના....
ધર્મહૈયાનો કોલ છે ક્ષમાપના.... 卐

---

### ઈંગ્લેન્ડ અને અમેરિકામાં

## ડૉ. કુમારપાળ દેસાઇના પ્રવચનો

જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઇના સાહિત્ય, દર્શન અને સંસ્કૃતિ વિશેના પ્રવચનોનું આયોજન કરવામાં આવ્યું છે. ઈંગ્લેન્ડમાં મહાવીર ફાઉન્ડેશનના ઉપક્રમે તેઓ તત્ત્વજ્ઞાન પર પ્રવચનો આપશે. એ પછી હ્યુસ્ટન જૈન સેન્ટરના આમંત્રણથી પર્યુષણ પ્રવચનો માટે હ્યુસ્ટન જશે, જ્યાં તેઓ મધ્યકાલીન ગુજરાતી કવિઓ, યોગી આનંદઘન અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની કૃતિઓ પર, શ્રી હેમચંદ્રાચાર્યની સાહિત્યસાધના વિશે તેમજ જૈનદર્શનના જુદા જુદા પાસાઓ વિશે એકવીસ પ્રવચનો આપશે. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઇ લિખિત "ગ્લોરી ઓફ જૈનિઝમ" અને "શ્રી નમસ્કાર મહામંત્ર રહસ્ય" પુસ્તકોની અમેરિકામાં વિમોચનવિધિ થશે.

For Private And Personal Use Only

પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી

પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૮ મો ] [ ગુજરાતી ભાગ-૧માંથી સાભાર... ]

ખરેખર! આ જીવનમાં કમાવા લાયક ચીજ હોય તો તે ધર્મ જ છે.... ધર્મરૂપી જવેરાત મેળવવું મહાદુર્લભ છે. આજે જીવનમાં જે છીછરાપણું છે તેને લીધે માણસ પોતાનામાં રહેલા ઉત્તમ ગુણોનું અવમૂલ્યાંકન કરી રહ્યો છે. જ્યારે માણસને પિત્ત થાય અને પિત્ત જ્યાં સુધી વોમીટ થઇને બહાર ન નીકળે ત્યાં સુધી તેને ચેન જ ન પડે. તેમ....**જેનામાં આ છીછરાપણાનો ગુણ રહેલો છે તે માણસ જ્યાં સુધી પોતે કરેલું સત્કાર્ય ગાય નહીં ત્યાં સુધી તેને ચેન જ પડતું નથી.**

**પ્રથમ અક્ષુદ્ર ગુણનું વર્ણન :-**

વિચારોમાં છીછરાપણું, સ્વભાવથી પણ છીછરો, ધર્મકાર્યમાં પણ છીછરો, જેનામાં આવો અવગુણ રહેલો હોય તે માણસ ધર્મને લાયક નથી. બોલો અને કરી બતાવો. આખું જગત મોટાભાગે છીછરું જ છે.

જીવનમાં ગંભીરતા લાવો. સમુદ્ર ગંભીર હોય છે. તે બધી નદીઓના પાણીને સમાવે છે. જ્યારે નાનાં ખાબોચિયા છીછરાં હોય છે. તે પાણીને સંઘરી શકતા નથી. અત્યારે મોટાભાગે માણસો છીછરા થઇ ગયા છે. કાંઇ પણ સત્કાર્ય કરશે એટલે એને એમ થશે કે ક્યારે હું બધાને કહું ? જ્યારે ગંભીર માણસ દાન આપે કે કંઇ પણ ઉત્તમ કાર્ય કરે તો તેમનો ડાબો હાથ પણ ન જાણે. એક દિકરાને તેના બાપે કહેલું કે બેટા ધર્મકાર્યમાં કે ગમે ત્યાં પૈસો ખર્ચે તો પણ ક્યાંય નામ ન આપીશ. નામ તો ભગવાન સિવાય કોઇનું અમર થયું નથી અને થવાનું નથી.

એક યુગમાં માણસો એવા સત્ત્વશાળી હતા કે કોઇ કંઇ પણ લેવા તૈયાર થતું નહીં. માણસો કહે-અમારે દાન ધર્મ કરવો કઇ રીતે ? એટલે નવકારશીની, સ્વામિવાત્સલ્યની પ્રથા શરૂ થઇ. નવકારશી વાંદવા માટે ગમે તેવો કોટાધિપતિ હોય તો પણ આવે. આ પ્રમાણે ધર્મકાર્યમાં પૈસો ખર્ચતા. આજે તો એ સત્ત્વ આ યુગમાંથી નીકળી ગયું છે.

શ્રાવક પહેલો વિચાર શું કરે ? ખાવાનો કે ખવરાવવાનો ? ભોગનો કે ત્યાગનો ? શાલિભદ્રે પૂર્વભવમાં એની દરિદ્ર અવસ્થામાં ખીર કોઇ દિવસ જોયેલી નહીં. જ્યારે એના હાથમાં આવી ત્યારે એણે પહેલો શું વિચાર કરેલો તે જાણો છો ને ? ગુરૂ મહારાજને વહોરાવીને પછી ખાઉં. તમને થાળીએ બેસતા કોઇ દિવસ વિચાર આવે છે ખરો ? કારણ કે આપણા હૃદયમાં ગુરૂ પ્રત્યેની એવી સદ્ભાવના નથી.

**એ દાનનું શાલિભદ્ર આટલું મોટું ફળ કેમ પામ્યો ? કારણ તેણે ખીર વહોરાવી ખરી પણ એનામાં ગંભીરતા હતી તેથી તેણે તેની માતાને કહ્યું નહીં કે મા મેં ખીર વહોરાવી દીધી.** એ ગંભીરતાના ગુણથી જ તેને આટલું મોટું ફળ મળ્યું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક શેઠ હતા. જીવનમાં તેણે ખૂબ અઢળક સંપત્તિ મેળવી. ભોંયરામાં રહેલા રૂમોને તેણે સોના ચાંદીથી ભરી દીધા. પરંતુ તેને ચટપટી લાગી ક્યારે હું કોઈને જણાવું? કે મારી પાસે આટલી સંપત્તિ છે. તેણે વિચાર કર્યો કે જો રાજા એમ જાણે કે મારી પાસે આટલી સંપત્તિ છે તો બહુ સારૂં થાય. એમ વિચારીને તેણે આખું કુટુંબ ભેગું કર્યું અને કહ્યું કે આપણે રાજાજીને જમવા માટે આમંત્રણ આપીએ. નાની વહુએ ના પાડી કે સંપત્તિનું પ્રદર્શન કરવું તે બરાબર નથી. છતાં શેઠે માન્યું નહીં અને જમવાનું નિમંત્રણ આપ્યું. જમ્યા પછી રાજાને સંપત્તિ દેખાડી. રાજા તો એક પછી એક ઓરડા જોઈને ચકિત થઈ ગયો. આટલો ધનભંડાર તો મારી પાસે પણ નથી. રાજા મહેલે ગયો પણ તેને ચેન પડતું નથી. તેણે મંત્રીને સર્વ હકીકત કહી. આ જગતમાં કુદરતનો એક નિયમ છે. માણસે બીજાની સંપત્તિ જોઈ નથી ત્યાં સુધી પોતાની પાસે છે તેનામાં સંતોષ હોય છે. પરંતુ જ્યારે તેની નજર બીજાની સંપત્તિ ઉપર પડે છે ત્યારે તેના જીવનમાં ઇર્ષ્યાની આગ ચંપાય છે. પાણીની અંદર રહેલી હોડીને પવન જેમ ઘસડીને લઈ જાય છે, તેમ માણસને વૈભવરૂપી પવન ખેંચી જાય છે. મંત્રીએ કહ્યું કે એ ધન આપણે પડાવી લઈએ. પરંતુ જો અચાનક છાપો મારીશું તો લોકોમાં નિંદાપાત્ર બનીશું. માટે મંત્રી એક યુક્તિ બનાવે છે અને રાજાને કહે છે કે શેઠને આપણે ત્યાં નિમંત્રણ આપીએ અને એક પ્રશ્ન પૂછીએ. જો એ જવાબ આપે તો ભલે નહીંતર કહેવાનું કે જો ભાઈ! સંપત્તિ તો બુદ્ધિથી જ સચવાય. બુદ્ધિ વગર સંપત્તિ સાચવી શકાય નહીં. માટે તમારી સંપત્તિ રાજ્યના ધનભંડારમાં મોકલી દો. શેઠને બોલાવે છે અને વાત રજૂ કરે છે. શેઠ તો આ સાંભળીને ચમક્યા. મંત્રી પ્રશ્ન પૂછે છે કે હંમેશા વધે છે શું? અને ઘટે છે શું? શેઠ એક દિવસની મુદત માગે છે. ઘેર આવે છે. શેઠ તો ઢીલાઢસ થઈ ગયા. હવે કરવું શું? ઘરના લોકો પૂછે છે. બધી હકીકત કહે છે. કોઈને કાંઈ સૂઝતું નથી, ત્યારે નાની વહુ કહે છે કે સસરાજી તમે જરાયે ગભરાશો નહીં. રાજસભામાં કહેજો કે મારી નાની વહુ જવાબ આપશે. શેઠ બીજા દિવસે રાજસભામાં જાય છે. આ પ્રમાણે કહે છે ત્યાં નાની વહુ હાથમાં ઘાસનો પૂળો અને દૂધનો કટોરો લઈને દાખલ થાય છે. અને રાજાને કહે છે કે રાજન્! જવાબ આપવો એ નાની સૂની વાત છે. પરંતુ તે પહેલાં લો આ દૂધનો કટોરો પીઓ. રાજા કહે છે કે અરે છે શું? શું રાજસભામાં દૂધ પીવાય? ત્યારે નાની વહુ કહે કે રાજન્! તમે હજી નાના બાળક છો કારણ નાના બાળકમાં બુદ્ધિ ન હોય. લાંબી સમજણ પણ ન હોય માટે તમે હજુ દૂધ પીતા છો અને પેલો પૂળો પેલા મંત્રી પાસે મૂકે છે અને કહે છે કે આ મંત્રી બુદ્ધિનો બેલ (બળદ) છે. માટે આ પૂળો તેને ખાવા માટે લાવી છું. ગભરાયા વગર બધું બોલે છે. રાજા વિચારે છે કે આ બધું શું છે? વહુને પૂછે છે, વહુ કહે છે કે હે રાજન્! આપને કુબુદ્ધિ સુઝાડનાર આ મંત્રી છે. મંત્રીમાં બુદ્ધિ નથી, કારણ રાજાએ તો પ્રજાની સંપત્તિ જોઈને રાજી થવું જોઈએ. પડાવી લેવાની વૃત્તિ ન રાખવી જોઈએ. તેમજ તમારા પ્રશ્નનો જવાબ સાંભળો. **તૃષ્ણા હંમેશા વધે છે. એ ક્યારેય ઘટતી નથી. હંમેશા ઘટનારી ચીજ 'આયુષ્ય'.** જે હંમેશાં ઘટતું જ રહે છે. મા-બાપ જાણે કે છોકરો મોટો થયો પરંતુ મોટો થયો, કે એનું આયુષ્ય ઘટયું?

ઉત્તરાધ્યયન સૂત્રમાં ઈન્દ્ર અને નમિનો સંવાદ આવે છે. એમાં ઈન્દ્ર મહારાજા સવાલ પૂછે છે–સંયમની કેડી પર પગલા ભરતા નમિરાજા એના એટલા જ સુંદર જવાબ આપે છે. ઈન્દ્ર મહારાજા કહે છે કે તમે ધનભંડાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરા ભરીને જાઓ. ત્યારે નમીરાજા કહે છે– મહારાજ, માણસની તૃષ્ણા હંમેશાં વધે છે. તે કયારેય પૂરી થતી નથી. સુભૂમ ચક્રવર્તિ થઇ ગયો. પૃથ્વી પર વધારેમાં વધારે બુદ્ધિશાળી ચક્રવર્તિ હોય છે. સુભૂમે છ ખંડ જીત્યા હજુ પણ તેની તૃષ્ણા પૂરી ન થઇ તેથી બીજા છ ખંડ જીતવા માટે તૈયારી કરે છે. વિમાન તૈયાર કરે છે. સોળ હજાર દેવો તેને ઉપાડીને લવણ સમુદ્રની ઉપરથી જઇ રહ્યા છે. ત્યાં એક દેવને વિચાર આવે છે કે આટલા બધા દેવો આ વિમાનને ઉપાડીને જઇ રહ્યા છે, તો હું એક હાથ છોડી દઇશ તો શું વાંધો ? એમ વિચારીને હાથ ખસેડી લે છે. ત્યાં એકી સાથે ૧૬૦૦૦ દેવોને પણ એ જ પ્રમાણેનો વિચાર આવે છે. એટલે એકી સાથે બધા હાથ ખસેડી લે છે. વિમાન તરત જ સમુદ્રમાં પડે છે. તૃષ્ણાની લાયમાં આ ચક્રવર્તિ મરીને સાતમી નરકે જાય છે. ભગવાને શ્રાવકના વ્રતમાં બતાવેલું છે ને ! પરિગ્રહપરિમાણ વ્રત–સંપત્તિની મર્યાદા. જો એ ન બની શકે તો તમે તમારી ઇચ્છાનું તો પરિમાણ કરો. **ઇચ્છા આકાશ જેટલી અનંત છે.** આ ઇચ્છાને મર્યાદામાં લાવવા માટે જ ભગવાને ઇચ્છાપરિમાણ વ્રત બતાવ્યું છે. આજે માણસ એટલી બધી લોભ દશામા જીવી રહ્યો છે કે એની કોઇ વાત જ થાય તેમ નથી. **'લાભ' અને 'લોભ' એ બન્નેમાં એક જ માત્રા વધારે છે. માટે લોભ હંમેશાં આગળ રહે ને જેમ લાભ થાય તેમ લોભ વધતો જાય.**

આ બાજુ નાની વહુની આવી વાતો સાંભળીને રાજસભા આખી ચકિત થઇ ગઇ. રાજાએ બાઇને કહ્યું કે બાઇ "તેં તો મને મોટા પાપમાંથી બચાવી લીધો. તું તો મારી ગુરૂ છો." રાજાએ મંત્રીને રજા આપી દીધી.

માણસમાંથી ગંભીરતા જવાથી માણસ છીછરાપણાને લીધે વધારે પરેશાન થાય છે. એક માણસે અભિગ્રહ લીધો કે મારે માંદાની સેવા ચાકરી કર્યા પછી ભોજન લેવું. હવે એક વખત બન્યું એવું કે ગામમાં કોઇ માંદું જ નથી, હવે બુદ્ધિમાં ક્ષુદ્રપણાને લીધે, તે વિચારે છે કે આજે મારો દિવસ નકામો ગયો. કારણ આજે કોઇ માંદું જ નથી. આવા હલકા વિચાર કરતા એવો વિચાર કરવો જોઇતો હતો કે આજે મારો દિવસ સોનાનો ઉગ્યો. કારણ કે આજે કોઇ માંદું જ નથી. બસ માટે જ શાસ્ત્રકારો કહે છે કે ધર્મને સૂક્ષ્મબુદ્ધિથી પારખવો જોઇએ.

આચારાંગ સૂત્રમાં આવે છે કે ઘડો જો વાંકો હોય તો પાણી ઢોળાઇ જાય છે પણ જો સ્થિર હોય તો તેમાં પાણી ટકી શકે તેમ ધર્મનો આરાધક માણસ આવો ક્ષુદ્રબુદ્ધિવાળો, હૃદયમાં મલિનતાવાળો વક્ર હોય તો ધર્મ કરે તે પણ ઢોળાઇ જ જાય....

ભગવાનની સાચી ભક્તિ કરવાથી, તેની સાથે સંબંધ જોડવાથી સાચા ધર્મની પ્રાપ્તિ થાય છે. ઉત્તમ કુળ મળે છે. ઉત્તમ સંસ્કારો મળે છે તેથી માણસને ધર્મ કરવાની ભાવના થાય. પરંતુ એ ધર્મ ઉચ્ચ કોટિનો છે કે ખાલી ધર્મનો આભાસ જ છે એ સવાલ ઉભો રહે છે.

આનંદઘનજી મહારાજા કહે છે કે હું એને મારો ગુરૂ માનું કે જે મને આ વાતનો સત્ય જવાબ આપે.

**"ગગનમંડનમેં ગૌઆ વીઆણી,**
**ધરતી દૂધ જમાયા;**
**માખણ તો કોઇ વિરલા પાયા,**
**છાશે જગત ભરમાયા."**

ગાય આકાશમાં વીયાણી, જમીન પર તેનું દહીં મેળવ્યું, એમાંથી માખણ તો કોઇ વિરલા પાયા ! આખું જગત છાશથી ભરમાયું. ભગવાન દેશના આપે છે ત્યારે તે સમવસરણ પર બિરાજમાન છે. ભગવાનની વાણીને આનંદઘનજી મહારાજ 'ગગનમંડન મેં ગૌઆ વીયાણી'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી ઉપમા આપે છે અને વાણી રૂપી દૂધ પૃથ્વી પર પડ્યું. પરંતુ તેમાંથી માખણરૂપી તત્ત્વ કોઇ વિરલ આત્માઓ જ મેળવી શકે છે. બાકી આખું જગત છાશ જેવા ક્રિયાત્મક ધર્મથી જ ભરમાયું છે.

મોટા ભાગના લોકો આજે સંસારને મીઠો બનાવવા માટે જ ધર્મ કરે છે. જગત આખું દુઃખભીરૂ છે. જ્યારે માણસ પાપભીરૂ બને ત્યારે જ તેને ધર્મનું સાચું સ્વરૂપ સમજાયું એમ કહેવાય.

પહેલાં આપણા દેશમાં વર્ણવ્યવસ્થા હતી. જેથી બધા વર્ગો એકબીજાના પૂરક બનીને રહેતા. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષુદ્ર આ પ્રમાણે ચાર વર્ણ વર્ગો હતા. જેને જે કામ સોંપેલું હોય તેને તે કરવાનું હોય ક્ષત્રિયોને દેશની સંભાળ રાખવાનું કામ સોંપેલું હતું. બ્રાહ્મણોને વિદ્યા આપવાનું કામ સોંપેલું. વેપારનું કામ વૈશ્ય લોકોને આપેલું, અને બીજા કામ એટલે કે સાફ-સફાઇ વગેરેનું કામ ક્ષુદ્રોને સોંપેલું. આ પ્રમાણે કામની વહેંચણી કરેલી હોવાથી દેશમાં ખૂબ જ સંપથી અને સુખેથી લોકો જીવતા. દેશનું તંત્ર બહુ સુંદર રીતે ચાલતું. આજે વર્ણવ્યવસ્થા ચાલી જવાથી, દેશમાં તોફાનોનું જોર વધી ગયું છે.

સ્ત્રીએ કરેલું પાપ તેના પતિને પણ લાગે. જો પતિ તેને અટકાવે નહીં તો ચોક્કસ લાગે, પતિને તેને અટકાવવાનો હક્ક છે શિષ્ય ખરાબ કૃત્ય આચરે અને ગુરૂ અટકાવે નહીં તો તે પાપ ગુરૂને પણ લાગે. તેમજ પ્રજા પાપ કરે અને તેને અટકાવે નહીં તો તે પાપ રાજાને લાગે. તેમજ રાજા પાપ કરે અને પુરોહિત અટકાવે નહીં તો તે પાપ પુરોહિતને લાગે કારણ જે લોકોને અટકાવવાનો હક્ક છે, છતાં આંખ આડા કાન કરે તો તે પાપ તેને લાગ્યા વગર રહે નહીં.

એક વખત કોઇ ગામમાં બાપ-દીકરો રહેતા હતા. એક વખત દુકાન પરથી ઘેર જતાં બાપે દીકરાને કહ્યું કે જો બેટા હું ઘેર જાઉં છું. તું જલ્દી આવજે, બાપ ઘેર ગયો. ઘેર જઇને દીકરાની આવવાની રાહ જોઇ, પરંતુ દીકરાને આવતાં ઘણી વાર લાગી. બાપે જમી લીધું. દીકરો આવ્યો. બાપે પૂછ્યું કેમ બેટા આટલી વાર લાગી? દિકરો આનંદમાં આવીને કહેવા લાગ્યો : બાપા જે પેલો જૂનો માલ પડ્યો હતો ને તે માલનો એક ભોળો ઘરાક આવી ગયો તે તેને ભટકાડી દીધો અને ખૂબ નફો થયો. આ સાંભળીને બાપે જવાબ આપવો જોઇએ કે નહિ?

અત્યારનો પિતા હોય તો એમ કહે કે બેટા તેં બહુ સારૂ કર્યું. તું હવે દુકાન ચલાવવાને યોગ્ય છે. આ ધર્મનો આભાસ છે. શું કોઇને છેતરીને મેળવેલું ધન ટકી રહેવાનું છે?

એ બાપે શું જવાબ આપ્યો તે જાણવું છે? એમણે કહ્યું : બેટા તું દુકાન ચલાવવાને યોગ્ય નથી. તેં કોઇને નથી છેતર્યો, પરંતુ તું જ છેતરાયો છે. અનીતિથી મેળવેલું ધન ટકી શકે જ નહીં. જેના હૃદયમાં સાચો ધર્મ વસેલો હોય તેનો આ જવાબ હોય. દીકરો કોઇ ખોટું કામ કરે તો બાપની ફરજ છે કે તેણે તેને ઠપકો આપવો જોઇએ. તેને લાઇન પર લાવવો જોઇએ. એક માણસ હતો. મુંબઇમાં રહેતો હતો. તેણે કોઇને પૈસા વ્યાજે આપ્યા હશે. તેની પાસેથી વ્યાજ રૂપે ચૂસી-ચૂસીને ધન લઇ લીધું. છતાં લેણું માંગતો ને માંગતો. સામેનો માણસ ખૂબ જ થાકી ગયો હતો. તેણે જઇને એક મહારાજ સાહેબને વાત કરી. આ ભાઇ દરરોજ સેવા-પૂજા-વ્યાખ્યાન સાંભળવા આવતા. મહારાજ સાહેબે એ ભાઇને કહ્યું કે ભાઇ તેં જેને પૈસા ધીર્યા છે તેની પાસેથી તેં ખૂબ જ લીધું છે. તેનું જીવન તેં ઝેરમય બનાવી નાખ્યું છે. માટે હવે તો તેને તારા લેણામાંથી મુક્ત કર. ત્યારે તેણે કહ્યું કે મહારાજ! આપને એ વ્યવહારમાં પડવાની જરૂર નથી. કહો તો ભંડારમાં દસ હજાર નાખી દઉં, પરંતુ માફ કરવાની વાત નહીં. હવે આવા લોકોને શું કહેવું? એ ધર્મ કેવો? ભગવાનને દસ હજારની જરૂર નથી. જેને જરૂર છે તેને આપો ને!.... [ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાનો તળાજા યાત્રાપ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા સં. ૨૦૫૪ના જેઠ વદ ૧૨ ને રવિવાર તા. ૨૧-૬-૯૮ના રોજ ઘોઘા, તળાજા, દાઠા તથા મહુવાના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સભાના સભ્યશ્રી ભાઈ-બહેનો તથા ગેસ્ટશ્રીઓએ નોંધપાત્ર સંખ્યામાં આ યાત્રા પ્રવાસનો લાભ લીધો હતો.

ઘોઘા-શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાના દરબારમાં સેવા-પૂજા-દર્શન તથા નવકારશીનો લાભ લઈ સવારના ૧૦-૦૦ વાગ્યે તળાજા-શ્રી તાલધ્વજ ગિરિરાજ પહોંચ્યા હતા. જ્યાં દાદાના દરબારમાં સેવા-પૂજા-દર્શન આદિનો અમૂલ્ય લાભ લેવામાં આવેલ. તળાજાથી બપોરના ૧૨-૦૦ કલાકે નીકળી દાઠા-શ્રી શાંતિનાથ દાદાના મનોહર દેરાસરે પૂજા-સેવા-દર્શન આદિનો લ્હાવો લીધો હતો. અહિં ભોજન-શાળામાં બપોરના જમણની વ્યવસ્થા કરવામાં આવી હતી. સભાના ઉપપ્રમુખ શ્રી દિવ્યકાંતભાઈ સલોત તથા સભાના સભ્ય શ્રી કિશોરકુમાર એચ. શાહ દ્વારા કેરીના રસની તથા સભાના કારોબારીના સભ્ય શ્રી નટવરલાલ પ્રભુદાસ શાહ તરફથી ફરસાણની ભક્તિ કરવામાં આવી હતી. અહિંથી બપોરના ૪-૦૦ કલાકે મહુવા તરફ પ્રયાણ કરવામાં આવેલ. અહિં સાંજનું જમણ ભોજનશાળામાં રાખવામાં આવેલ. સાંજના લીલા નાળીયેરના પાણીનો લાભ સભાના સભ્ય શ્રી વિનોદભાઇ એમ. રાણપુરા તથા મહેન્દ્રભાઇ તળાજીયાએ લીધો હતો. સભા તરફથી દરેક યાત્રીકોને આઇસ્ક્રીમના કપની ભક્તિ કરવામાં આવી હતી તેમજ જુદા જુદા મહાનુભાવો તરફથી સંઘ પૂજનનો લાભ લેવામાં આવ્યો હતો. દરેક યાત્રીક દીઠ રૂા. ૨૫/ની પ્રભાવના થઇ હતી. આમ એક યાદગાર યાત્રાપ્રવાસ પૂર્ણ થયો હતો.

## શ્રી તળાજા યાત્રા પ્રવાસના ડોનરશ્રીઓ

(૧) શેઠશ્રી ધનવંતરાય રતિલાલ શાહ (અંબિકા સ્ટીલવાળા)-ભાવનગર

(૨) શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહ હ. ભૂપતરાય એન. શાહ-ભાવનગર

(૩) શેઠશ્રી નાનચંદ તારાચંદ શાહ હ. ભૂપતરાય એન. શાહ-મુંબઇ

(૪) શ્રીમતિ અજવાળીબેન વચ્છરાજભાઇ શાહ હ. ભૂપતરાય એન. શાહ-ભાવનગર

(૫) શેઠશ્રી ચુનીલાલ રતિલાલ સલોત ભાવનગર

(૬) શેઠશ્રી જયંતિલાલ રતિલાલ સલોત ભાવનગર

(૭) શેઠશ્રી ભોગીલાલ વેલચંદ મહેતા હ. જસવંતભાઈ-ભાવનગર

પાપની રૂચિ સદ્ગતિને પણ બરબાદ કરી નાખે છે જ્યારે ધર્મની રૂચિ
દુર્ગતિને પણ બરબાદીનું કારણ બનવા દેતી નથી.
સદ્ગતિ અને દુર્ગતિમાં નિર્ણાયક આપણી પ્રવૃત્તિ છે
જ્યારે સદ્બુદ્ધિ-દુર્બુદ્ધિમાં તો આપણી રૂચિ જ નિર્ણાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર શહેરમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. આચાર્ય મ. સાહેબો તથા પૂ. મુનિ ભગવંતો

卐 પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય-રત્ન પ. પૂ. વૈરાગ્ય દેશનાદક્ષ આચાર્યદેવ શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણા શ્રી દાદાસાહેબ જૈન ઉપાશ્રય : કાળાનાળા, ભાવનગર

卐 પૂ. આચાર્યદેવ શ્રી વિજયરૂચકચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા શાસ્ત્રીનગર જૈન દેરાસર-ઉપાશ્રય, શાસ્ત્રીનગર, ભાવનગર

卐 પૂ. આચાર્યદેવ શ્રી વિજયચંદ્રસેનસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા કૃષ્ણનગર જૈન દેરાસર-ઉપાશ્રય : કૃષ્ણનગર, ભાવનગર

卐 પૂ. મુનિરાજ શ્રી જિનહંસવિજયજી મ. સા. આદિ ગોડીજી જૈન દેરાસર-ઉપાશ્રય, વોરાબજાર, ભાવનગર

卐 પૂ. મુનિરાજ શ્રી અપરાજિતવિજયજી મ. સા. આદિ નૂતન જૈન ઉપાશ્રય, નાનભા શેરી, ભાવનગર

卐 પૂ મુનિ શ્રી દર્શનવિજયજી મ. સા. તથા મુનિ શ્રી ચંદ્રકીર્તિવિજયજી મ. સા., વિદ્યાનગર જૈન દેરાસર-ઉપાશ્રય : વિદ્યાનગર, ભાવનગર

卐 પૂ. મુનિ શ્રી નંદનપ્રભવિજયજી મ. સા. તથા પૂ. મુનિ શ્રી રત્નધ્વજવિજયજી મ.સા. જૈન દેરાસર : ઉપાશ્રય, વડવા, ભાવનગર

卐

# માનવતાની સુગંધ....

માણસની સંસ્કારિતાનું માપ તે નાનામાં નાના માણસો સાથે કેવી રીતે વર્તે છે તેના પરથી કાઢી શકાય.

આપણાથી કોઇપણ રીતે મોટા હોય તેમને માન આપવું એ આપણી ફરજ છે. એ આપણી સંસ્કૃતિ છે. પરંતુ માણસની સાચી ઓળખ તે જ્યારે તેનાથી નાના માણસો સાથે કેવી રીતે વર્તે છે તેના પરથી મળે છે.

આપણે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા હોઇએ અને તેના હોદ્દેદાર પણ હોઇએ. ત્યારે એ સંસ્થાના પ્યુન (પટાવાળા) વગેરેને સંસ્થાના કામ અંગે આપણી પાસે આવવાનું થાય, તેઓ આપણી આમન્યા જાળવે, એટલે આવીને ઊભા રહે. જે કાગળોમાં, ચેકબુકમાં, રજીસ્ટર વગેરેમાં સહી લેવાની હોય તે આપણને ધરે, આપણે એ બધું જોઇએ, સહીઓ કરીએ ત્યાં સુધી માણસ ઊભો રહે. ત્યારે આપણું ધ્યાન જવું જોઇએ અને તેમને વિવેકથી બેસો કહેવું જોઇએ. તેમને આવો કહીએ આવકાર પણ આપવો જોઇએ. અને પાણીનો ગ્લાસ પણ તેમને માટે મંગાવવો જોઇએ. એ એમની ફરજ બજાવે છે તેના ભાગરૂપે આવે છે માટે તેની ઉપેક્ષા ન કરવી જોઇએ.

—ચંદુલાલ સેલારકા

For Private And Personal Use Only

# સાભાર સ્વીકાર



- રત્નત્રયી ટ્રસ્ટ-મુંબઇ તરફથી **"એ નાગણથી તો દૂર જ રહેજો"**
  લેખક : આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ. સા
- પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ. સા. ( શાસનસમ્રાટ્ સમુદાય ) તરફથી
  **"યશશ્ચંદ્રપ્રણીતં રાજીમતી-પ્રબોધ નાટકમ્" ( ઇંગ્લીશ )**
  સંપાદિકા : ડો. નીલાજ્જના સુ. શાહ
- સાધ્વી શ્રી નયપ્રજ્ઞાશ્રીજી-ભાવનગર તરફથી
  **"શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન : લઘુવૃત્તિ-વિવરણ" ભાગ : ૮**
  વિવરણકાર : આચાર્ય શ્રી વિજયચંદ્રગુપ્તસૂરિજી મ. સા.
- શ્રી જૈન શ્વે. મૂ પૂ તપા. સંઘ-રાજકોટ તરફથી
  **"શતકનામા પઞ્ચમ: કર્મગ્રંથ" નકલ-૨૫**
  સંયોજક : આ શ્રી વિજયચંદ્રગુપ્તસૂરિજી મ સા.
- શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા-ભાવનગર તરફથી
  **"શ્રી પુંડરિક ચરિત્ર" ( ભાષાંતર સહિત )**
  સંકલન : પૂ. પં. શ્રી ધર્મધ્વજવિજયજી ગણિ તથા
  **"પદ્માવલી" ભાગ ૧-૨ ( કપૂરચંદ્રજી કૃત )** અધ્યાત્મ યોગીરાજ શ્રી ચિદાનંદજી
- રત્નત્રયી ટ્રસ્ટ-મુંબઇ તરફથી **"પગદંડી"** તથા **"અલ્પવિરામ"**
  લેખક : આ. શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મ. સા.
- જ્ઞાનચંદજી-સોનગઢ તરફથી નીચે મુજબના ૯ પુસ્તકો
  **૧. હિત શિક્ષા છત્રીશી** તથા **હિત ચિંતન ૨. વિદ્યા વિનય ઝરણાં ૩. શ્રી બૃહદ યોગ વિધિ ૪. શ્રી તત્ત્વ વિચાર-સ્તવનાવલી ૫. શાસ્ત્રીય સૂતક વિચાર ૬. તીર્થંકરોની પ્રશ્નત્રયી ૭. લઘુ પૂજા સંગ્રહ ( હિન્દી ) ૮. આચારોપદેશ ( પ્રત ) નકલ-૨**
- આ. શ્રી વિજયનયપ્રભસૂરિજી મ. સા.-મુંબઇ તરફથી **"પ્રવચન બિંદુ"**
  **લે**ખક : યુવા મુનિ શ્રી જયપ્રભવિજયજી મ. સા.
- પૂ મુનિશ્રી કૈલાસચંદ્રવિજયજી મ. સા.-મુંબઇ તરફથી **"કર્મ પ્રકૃતિ"** ભાવાનુવાદ ભાગ-૨ ની નકલ-૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શોકાંજલિ

સ્વ. વિનયચંદ કુંવરજીવાળા શ્રી વિનયચંદ કુંવરજીભાઇ સં. ૨૦૫૪ના અષાઢ શુદ ૧૫ ને ગુરુવાર તા. ૯-૭-૯૮ના રોજ હૃદયરોગના હુમલાને કારણે ૭૮ વર્ષની ઉંમરે ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિકવૃત્તિવાળા અને આ સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા. તેમના અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ અસહ્ય દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર

# શોકાંજલિ

શાહ હીરાલાલ જમનાદાસ પાનવાળા-ગત તા. ૧૪-૭-૯૮ ને મંગળવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેમની ધર્મભાવના અનન્ય હતી. સભા પ્રત્યે પણ તેઓશ્રી અત્યંત લાગણી ધરાવતા હતા.

તેમના અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ અસહ્ય દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર




પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ આરાધનાની ઉત્તમ મોસમ છે. મહાપુરૂષોએ કહ્યું છે કે ધર્મની આરાધના કરવા માટે પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ જે પ્રેરણા પ્રદાન કરે છે તે વર્ષના બાકીના દિવસોમાં બની શકે તેમ નથી. પર્યુષણના આઠ દિવસમાં પણ સંવત્સરિનો દિવસ એટલે ખમતખામણાનો મહાન અવસર. ક્ષમા માગો અને ક્ષમા આપો.

શ્રીઆત્માનંદ પ્રકાશ (માસિક)ના પ્રકાશન કરતાં કે અન્ય કોઇ પ્રસંગોપાત વર્ષ દરમ્યાન જાણતા કે અજાણતા મન-વચન-કાયાથી કોઇનું દિલ દુઃભાવ્યું હોય તો ખરા હૃદયથી ક્ષમાયાચના કરીએ. છીએ.

—શ્રી જૈન આત્માનંદ સભા

For Private And Personal Use Only

# વેરથી વેર
# શમે નહિ જગમાં....

पुरः क्रोधस्य मा क्रुध्य
स्वकार्यं कुरु शान्तितः ।
शमाग्रे शाम्यति क्रोधी
चित्ते चाप्यनुतप्यते ॥

卐

⊠ ક્રોધની સામે ક્રોધ ન કર અને તારું કામ શાંતિથી કર્યા કર, શાંતભાવની આગળ ક્રોધી ઠંડો પડી જાય છે અને એને પોતાના મનમાં પોતે કરેલા ક્રોધ માટે પશ્ચાત્તાપ પણ થવો સંભવે છે.

卐

⊠ Do not be angry before anger and continue your work quietly. An angry person subsides before forbearance and also likely repents in his mind for his having been angry.

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર